VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# આંગિક અંને વાચિક અભિનયના સંદર્ભ સાથે ભરતનાટ્યમના મૂર્ત તેમજ અમૂર્ત પાસાઓ

## દર્શિની મોદી, ડો. ઉમા અનંતાની

ઉપાસના સ્કૂલ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ
ગુજરાત યુનિવર્સિટી- 380009

### *સારાંશ:*

*દરેક મંચિય કલા, અન્ય કલાઓ કરતાં વિશિષ્ટ કલા છે કારણ કે તેમાં સર્જક અને સર્જનનું માધ્યમ બંને પૃથક્ નહિ પણ એક જ છે. કલાકારનું શરીર, ચેતના, મન, વાણી એ જ અભિવ્યક્તિનું માધ્યમ છે. કલાકાર પોતાના દેહને માધ્યમ બનાવી પાત્રનું સર્જન કરે છે. ચિત્રકળામાં રંગ, પીંછી તથા કેનવાસ-સર્જન માટેનાં સાધનો તથા ચિત્રકારની સર્જક ચેતના બંને પૃથક્ છે. વાદ્યવાદનકળામાં વાદક તથા અભિવ્યક્તિનું માધ્યમ-વાદ્ય-બંને અલગ છે જ્યારે અભિનયકળામાં સર્જક અને સર્જનનું માધ્યમ બંને તે કલાકાર જ છે. તે પોતાના મન, વાણી અને વર્તન દ્વારા પાત્રને જીવંત કરે છે, પ્રત્યક્ષપણે તેનો સાક્ષાત્કાર કરાવે છે. ચારેય અભિનયના પ્રકાર એ દરેક શાસ્ત્રીય નૃત્ય શૈલીના પાયામાં છે. અભિનયએ ભરતનાટ્યમમાં દોરાના વણાટ તરીકેનું કામ ભજવે છે જે નૃત્યના વ્યક્તિગત હલન ચલન ને સુસંગત અને આકર્ષક કથામાં પરીવર્તિત કરે છે. આંગિક, વાચિક, આહાર્ય અને સાત્વિક અભિનયનો કુશળતાપૂર્વક સંકલન કરીને નર્તકો પ્રેક્ષકોને ભાવનાત્મક અને રસાત્મક સ્તર સુધી અનુભવ કરાવે છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *આંગિક, વાચિક, સાત્વિક, અભિનય, નાટ્યશાસ્ત્ર, ભારતીય કલા, ભરતનાટ્યમ, મૂર્ત, અમૂર્ત પાસાઓ.*

## સંશોધન પધ્ધતિ:

પ્રસ્તુત સંશોધન માટે સંશોધનાત્મક પદ્ધતિ અપનાવવામાં આવેલ છે .આંગિક, વાચિક તેમજ સાત્વિક અભિનય નો વર્ણનાત્મક અભ્યાસ ઉપરાંત અભિનયના મૂર્ત અને અમૂર્ત તત્વોનું વિશ્લેષણ કરી તુલનાત્મક અભ્યાસ કરેલ છે.

## હેતુ:

પ્રસ્તુત સંશોધન દ્વારા આંગિક તેમજ વાચિક અભિનયના મૂર્ત તેમજ અમૂર્ત તત્વો વચ્ચેના સંતુલન એ કોઈ પણ પ્રસ્તુતિ માટે આવશ્યક છે, ઉપરાંત દરેક અભિનય અને કલાના મૂળમાં સાત્વિક અભિનય રહેલ તે માટેનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે.

## પૂર્વભૂમિકા:

ભારતનો સાંસ્કૃતિક તેમજ કલાત્મક વારસોએ ધર્મો, પરંપરાઓ અને રિવાજોનો સર્વગ્રાહી સંગમ છે જે માનવ સંસ્કૃતિના મૂર્ત અને અમૂર્ત અભિવ્યક્તિઓનો સમાવેશ કરે છે. ભારતીય કળા, સ્થાપત્ય, શાસ્ત્રીય નૃત્ય, સંગીત, તેમજ લોકોની બિનસાંપ્રદાયિક માનસિકતા ભારતીય વારસાની વિશેષતા છે. દરેક રાજ્યનો પોતાનો આગવો કલાત્મક વારસો, સ્વરૂપ

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

અને બંધારણ છે. તેઓ સમાજની આગવી ઓળખ અને ઇતિહાસને પ્રતિબિંબિત કરે છે. જેમાં ભૌતિક કલાકૃતિઓ અને સ્મારકોથી લઈને અમૂર્ત પરંપરાઓ અને માન્યતાઓ સુધીના તત્વોની વિશાળ શ્રેણીનો સમાવેશ થાય છે.

કલાત્મક વારસો એ એક મૂલ્યવાન સંસાધન છે જે આપણને આપણા ભૂતકાળ સાથે જોડે છે, આપણા વર્તમાનની માહિતી આપે છે અને આપણા ભવિષ્યને આકાર આપે છે.

ભારતમાં ગીતો, સંગીત, નૃત્ય, નાટ્ય, લોક પરંપરાઓ, સંસ્કારો અને ધાર્મિક વિધિઓ, ભાષાઓ, બોલીઓ, ચિત્રો અને લખાણોનો સૌથી મોટો સંગ્રહ છે. ભારતીય કળા, સાહિત્ય અને શાસ્ત્રોએ યોગ્ય જ્ઞાન, યોગ્ય ક્રિયા, વર્તન અને વ્યવહાર આપીને સંસ્કૃતિના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

કલાસર્જનમાં પ્રયોજાતી કલાકારની જાગ્રત અને અર્ધજાગ્રત મનસ્થિતિ તેમજ કૃતિ વિશેનો તેનો ઉદ્દેશ તથા એ મનસ્થિતિ માટે કારણભૂત બનેલા પરિબળો; જેમકે યુગની ભાવના, તત્કાલિન સામાજિક આર્થિક પરિસ્થિતિઓ, અન્ય કલાકારો સાથે વિચારોની આપ-લે વગેરે કલાકૃતિના સર્જનમાં કલાકારને જે કઈ અનુભવો થાય છે તે કલાલક્ષી અનુભૂતિ ગણાય છે. ( મહેશ ચોક્સી, ગુજરાતી વિશ્વકોષ)

અનુભવથી પ્રેરાઈને કોઈ વ્યક્તિનું મન કલાકૃતિને કોઈ પરોક્ષ કારણસર નહિ પણ કલાતત્વના કારણસર જ જોવા પ્રેરાય એ સૌંદર્યલક્ષી અનુભવ કહેવાય. ( મહેશ ચોક્સી, ગુજરાતી વિશ્વકોષ)

## અભિનય :

અભિનયનો અર્થ સમજવતા ભરતમુની નાટ્યશાસ્ત્રમાં કહે છે,

अभिपूर्वस्तु णीञ्चातुराभिमुख्यार्थनिर्णये |
यस्मात्प्रयोगं नयति तस्मादभिनयः स्मृतः || ६ ||

(ના.શા., 8/6)

'અભિ' ઉપસર્ગ અને 'ણીગ્' ધાતુમાંથી 'અભિનય' શબ્દ તૈયાર થયો. જેનો અર્થ નાટ્યના પ્રયોગને તેના મુખ્ય અર્થ તરફ લઇ જવો એવો થાય અર્થાત્ કથાવસ્તુમાં રહેલા અર્થોને પ્રત્યક્ષ પ્રસ્તુતીકરણથી પ્રેક્ષકો તરફ લઈ જવો એટલે 'અભિનય'.

(પૂરેચા, 451)

ભરતમુનિએ મન, વાચા, કાયા અને વેશના આધારે અભિનયના અનુક્રમે સાત્વિક, વાચિક, આંગિક અને આહાર્ય એવા ચાર ભેદ સ્વીકાર્યા છે.

શરીરનાં વિવિધ અંગ-ઉપાંગ દ્વારા નાટકના અર્થને પ્રગટ કરવો તે આંગિક અભિનય. વાણી અને ભાષા દ્વારા અનુકૃતિ તે વાચિક અભિનય. એકાગ્ર ચિત્ત દ્વારા, 'સત્વ' દ્વારા નાટ્યાર્થને સંક્રાન્ત કરવો તે સાત્વિક અભિનય. વેશભૂષા, રંગભૂષા, સન્નિવેષ જેવા બાહ્ય ઉપકરણો દ્વારા નાટકના અર્થને પ્રેક્ષકો સુધી લઈ જવો તે આહાર્ય અભિનય. (શાહ, 6)

મહેશ ચંપકલાલ શાહ અભિનયના કલાકૃતિના સંદર્ભમાં તેના કાર્યો સમજાવતા કહે છે, નાટ્યમાં રસ વગર કોઈ પણ અર્થ પ્રવૃત્ત થઈ શકતો નથી. એટલે નાટ્યપ્રયોગને રસાભિમુખ બનાવવો તે અભિનયનું પહેલું કાર્ય છે. ભરતમુનિની દ્રષ્ટિએ રસ એ પદાર્થરૂપ છે, અનુભૂતિરૂપ નહીં. કલાકાર પોતાના અભિનય દ્વારા અમૂર્ત ભાવોને મૂર્તતા પ્રદાન કરે છે. તેને પ્રત્યક્ષ બનાવી, પ્રેક્ષકોને તેનો સાક્ષાત્કાર કરાવે છે. (2)

અભિનયનું દ્વિતીય કાર્ય તે નાટ્યના મુખ્યાર્થને, નાટકના તાત્પર્યને, નાટ્યના વિષયવસ્તુ તથા અર્થને પ્રેક્ષકો સુધી લઈ જવા. નાટ્યાર્થને પ્રેક્ષકોની ચેતનામાં સંક્રાન્ત કરવો. પ્રયોગના માધ્યમ વડે નાટ્યના ભાવ તથા કર્મને અભિમુખ લાવવા. (2)

મંચીય કળા એ ભજવવાની કળા છે અને તે અભિનયના માધ્યમથી પ્રેક્ષકો સુધી પહોચે છે.

નૃત્યાંગના અને પ્રેક્ષકો વચ્ચેના જોડાણ ઉપરાંત વર્ણન તેમજ ભાવનાત્મકતાને સમૃદ્ધ બનાવવા માટે અભિનય ભરતનાટ્યમ નૃત્યશૈલીના કલા સ્વરૂપમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. અભિનય દ્વારા નૃત્યાંગના કાવ્યાત્મક વર્ણનો અને લાગણીઓ અભિવ્યક્ત કરી જાણે પોતેજ તે પાત્ર છે તેમ તેની ભજવણી કરીને; ભાષાકીય અવરોધોને પાર કરીને પ્રેક્ષકો

http://vidyajournal.org

સાથે ઊંડો સંબંધ સ્થાપિત કરી શકે છે. ભરતનાટ્યમમાં અભિનય પ્રેમ, ભક્તિ, અને સાર્વત્રિક વિષયો સાથે વાતચીત કરવાની તેમની ક્ષમતાને કારણે નૃત્ય સ્વરૂપને અવિશ્વસનીય રીતે સંબંધિત અને પ્રભાવશાળી બનાવે છે.

**ભરતનાટ્યમ :** જેનો ઉદ્ભવ અને વિકાસ તામિલનાડુના મંદિરોમાં દેવદાસી પરંપરા દ્વારા થયેલ ગણાય છે જે ભારતના આઠ શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપોમાંનું એક પ્રકાર છે. અભિવ્યક્તિ, સંગીત, લય, નૃત્ય જેવા તત્વોને સુંદર રીતે જોડીને તેને એક સર્વગ્રાહી કલા સ્વરૂપ બનાવે છે, જે દ્રશ્ય, શ્રાવ્ય અને કાવ્ય એમ ત્રણેય તત્વોના સંયોજનથી પરિપૂર્ણ કલાસ્વરૂપ છે. ભરતનાટ્યમના મૂળ તેમજ વ્યાકરણ ભરતમુની દ્વારા લિખિત પ્રાચીન લખાણ નાટ્યશાસ્ત્રમાં મળે છે, જે ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના લૌકિક અને અલૌકિક પાસાઓને પ્રતિનિધિત કરે છે.

આ નૃત્ય સ્વરૂપ પોતાના જટિલ પાદકર્મ, આકર્ષક હલનચલન,અને શક્તિશાળી અભિવ્યક્તિઓ દ્વારા કથાનક અને લાગણીઓને અભિવ્યક્ત કરે છે. કલાકાર દ્વારા સંકલિત દ્રશ્ય, શ્રાવ્ય અને કાવ્ય યુક્ત પ્રસ્તુતિ, જે સમયને પાર કરે છે અને પ્રેક્ષકો સાથે જોડાણ સ્થાપિત કરે છે.

## આંગિક અભિનય :

શરીરનાં અંગ, ઉપાંગ તથા પ્રત્યાંગની વિવિધ કલાત્મક ભંગિઓ, ક્રિયાઓ તથા સંચાલન દ્વારા અભિનય નાટ્યાર્થને પ્રેક્ષકો સુધી પહોંચાડવો તેને આંગિક અભિનય કહે છે જેના મૂળ યજુર્વેદમાં રહેલાં છે. (શાહ, 10)

ભરતમુનીએ નાટ્યશાસ્ત્રમાં આંગિક અભિનયના ત્રણ પ્રકાર જણાવ્યા છે.

1. શરીરજ 2. મુખજ 3. ચેષ્ટાકૃત

त्रिविधस्त्वाङ्गिको ज्ञेयः शारीरो मुखजस्तथा |
तथा चेष्टाकृतश्चैव शाखाङ्गोपाङ्गसंयुतः || ११ ||

મહેશ ચંપકલાલ શાહ કહે છે, આંતરિક ચિત્તવૃત્તિ અમૂર્ત છે. કલાકાર પોતાના દેહ દ્વારા તેને અમૂર્ત કરે છે. (215) આ તમામ કર્મો 'રસ તથા ભાવ' આશ્રિત છે. ભાવજગતને મૂર્ત કરવા માટે સૂક્ષ્મ અને સ્થૂળ બંને પ્રકારના આંતરિક ભાવોને બાહ્યરૂપ આપવા માટે, અભિનયની બધી શક્યતાઓ તપાસવામાં આવી છે. ભાવપ્રદર્શન તેનો મુખ્ય હેતુ છે. કયો ભાવ કઈ ચેષ્ટા વડે મૂર્ત કરી શકાય અથવા તો અમુક ભાવમાં શરીરની સ્થિતિ કેવી હોય છે તેનું પ્રાયોગિક જ્ઞાન નટ અને નર્તક બંનેને ઉપયોગી નીવડે તે રીતે આપવામાં આવ્યું છે. (15)

કોઈ પણ પ્રદર્શનમાં મૂર્ત અને અમૂર્ત પાસાઓ વચ્ચે ચોક્કસ અનિવાર્યક સંતૂલન એ જેતે પ્રસ્તુતિમાં જીવ રેડે છે, તેમજ શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપમાં અભિવ્યક્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જટિલ પાદચારી, કરણ, અંગહાર, અડવુ, મુદ્રા જેવા આંગિક અભિનય એ ભરતનાટ્યમના મૂર્ત તત્વોને વ્યાખ્યાયિત કરે છે, જે નૃત્યની પ્રસ્તુતિમાં દ્રશ્ય અને સૌંદર્યલક્ષી ઉમેરો કરે છે.

અમદાવાદના પ્રખ્યાત નૃત્યાંગના મલ્લિકા સારાભાઈ એ એક પ્રસ્તુતિ આપી હતી જેમાં તેઓએ એક જ જતિ(combination of different dance movements in Bharatnatyam is called jathi)ને ચાર અલગ ભાવ સાથે અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેની પ્રસ્તુતિ આપી હતી. આ સૂચવે છે કે કોઈ ચોક્કસ અડવુ કે ચારિનું સ્વરૂપ એ પ્રસ્તુતિના પરિણામ પર નોંધપાત્ર અસર કરતું નથી. તેના બદલે, આ ઘટકોનો કેવી રીતે અને કયા ભાવ સાથે ઉપયોગ કરવામાં આવે છે અને એકંદર પ્રસ્તુતિ દરમિયાન કેવી રીતે કરવામાં આવે છે તે ખરેખર મહત્વનું છે. આ પ્રદર્શનની અસરકારકતા નક્કી કરવા માટે ચોકસાઇ, અભિવ્યક્તિ, પ્રતિકાત્મક પ્રયોગ અને કુશળ અમલના મહત્વ પર ભાર મૂકે છે.

જુદાં જુદાં અડવુ(basic dance steps in Bharatnatyam) એ મૂર્ત છે જેના વિષે આપણને શાસ્ત્રોમાં વર્ણન જોવા મળે છે. વિવિધ કરણ તેમજ અંગહારના શિલ્પ ચિદમ્બરમ, ખજુરાહો જેવા મંદિરોમાંથી પ્રાપ્ત થાય છે, આ શિલ્પો સ્પર્શેન્દ્રિય છે. જેની નર્તક દ્વારા થયેલ શારીરિક ભાવ અને રસ સાથેની પ્રસ્તુતિ પ્રેક્ષકોને આધ્યાત્મિક તેમજ તાત્વિક સંદેશ પહોચાડે છે. તેની જે ભાવાત્મક સ્તરે પ્રસ્તુતિ કરવામાં આવે છે અને તેની પાછળનો અર્થ એ જે તે અડવુને જીવન આપે છે, પ્રેક્ષકો તેની

http://vidyajournal.org

સાથે જોડાય છે અને બ્રહ્માનંદ તરફ દોરાય છે. તેથી જ એક જ અડવુ, જ્યારે બે અલગ-અલગ નર્તકો દ્વારા રજૂ કરવામાં આવે છે, ત્યારે તે સંપૂર્ણપણે વિભિન્ન લાગણીઓ, ભાવનાઓ, વ્યાખ્યા, વિચાર અને અર્થો દર્શાવે છે. દરેક નર્તકના આંગિક અભિનયમાં પોતાનું પ્રતિભાત્મક મૂળ છલકાય છે, તેમની આંતરિક સ્થિતિ અને તેમના જીવનભરના અનુભવોને પ્રતિબિંબિત કરે છે; ઉપરાંત પોતાની એક અલગ વાર્તા કહે છે.

## વાચિક અભિનય :

વાચિક અભિનયનું મહત્વ સમજાવતાં ભરતમુનિ જણાવે છે કે

वाचि यत्नस्तु कर्तव्यो नाटयस्यैषा तनुः स्मृता ।
अङ्गनेपथ्यसत्वानि वाक्यार्थ व्यञ्जयन्ति हि ॥

(ના.શા., 15/2)

"નટે વાણી વિષયે પ્રયત્ન કરવો કારણ કે વાણી એ નાટકનો દેહ છે અને અંગોનો અભિનય, સાત્વિક ભાવનો અભિનય તથા નેપથ્ય (વેશભૂષા વગેરે આહાર્ય અભિનય) વાકયાર્થની જ વ્યંજના કરે છે. "(શુક્લ, 13)

પંડિત સારંગદેવ સંગીતરત્નાકરમાં કહે છે:

" ગીત વાદ્ય અને નૃત્ય એ ત્રણ મળી સંગીત કહેવાય છે." (શુક્લ, 13)

ભરતમુનિએ નટ અને નાટ્યકાર-બંનેને ધ્યાનમાં રાખી, અધ્યાય-૧૫ થી અધ્યાય ૨૧ અને અધ્યાય-૨૫ એમ કુલ ૮ અધ્યાય અંતર્ગત 'વાચિક અભિનય'નું વિસ્તૃતપણે નિરૂપણ કર્યું છે.

ભરતનાટ્યમમાં સંગીત, ગીતના શબ્દો, અને નૃત્ય વચ્ચેનું જોડાણ એ તેને બહુપરીમાણીય કલાનું સ્વરૂપ આપે છે જેમાં ભરતનાટ્યમમાંનું આકર્ષક હલન ચલન એ બોલાયેલા, લખેલા તેમજ ગાયેલા શબ્દ સાથે એકીકૃત રીતે ભળી જાય છે. વાચિક અભિનય એ આંગિક અભિનય મધ્યમથી સક્રિય થયી નૃત્યાંગના દ્વારા અભિવ્યક્ત થાય છે. ભરતનાટ્યમ અને અન્ય પર્ફોર્મિંગ આર્ટ્સમાં, સાહિત્યિક કૃતિઓ, ગ્રંથો, શાસ્ત્રો, કવિતાઓ અને શબ્દો મૂર્ત તત્વો છે. તેમ છતાં, નર્તકો જે રીતે ચોક્કસ રચનાનું મહત્વ અને ઉદ્દેશ્યને ગ્રહણ કરીને તેની પ્રસ્તુતિ આપે છે તે આ શબ્દો અને ગીતોને અદ્વિતીય તેમજ પારલૌકિક બનાવે છે. ગીત, કવિતા અને સંગીતની ઊંડી સમજ સાથે નૃત્યાંગના પ્રભાવિક રીતે મૌખિક અને બિન-મૌખિક તત્વોનો અસરકારક રીતે સુમેળ કરી શકે છે.

ભરતનાટ્યમએ એકાહાર્ય છે, જેમાં તે જાતિય સીમાઓને પાર કરવાની ક્ષમતા ધરાવે છે, પાત્રોને તેમની લિંગ કે જાતિની ઓળખને ધ્યાનમાં લીધા વિના અસરકારક રીતે રજૂ કરે છે - પછી તે સ્ત્રી, પુરુષ અથવા ટ્રાન્સજેન્ડર હોય છતાં દરેક નિરૂપણને સમાન રીતે ન્યાય આપી શકવાની તે ક્ષમતા ધરાવે છે.

આ ઉપરથી જોઈ શકાય કે કોઈ કવિ દ્વારા રચિત અત્યંત જૂની રચના નૃત્યના માધ્યમથી હજુ પણ જીવંત છે અને તેને ઉત્કૃષ્ટ રીતે પ્રસ્તુત પણ કરવામાં આવી રહી છે. ભરતનાટ્યમ પાસે કોઈ એક કવિતા કે એક પંક્તિનું અસંખ્ય રીતે અર્થઘટન કરવાની ક્ષમતા છે. કવિની એક પંક્તિને આ કલા સ્વરૂપ દ્વારા તમામ નવ રસો અને ભાવોમાં વ્યક્ત કરી શકાય છે.

## સાત્વિક અભિનય:

સત્વ અર્થાત્ મન વડે પાત્ર સાથે ઐક્ય સાધી, મનથી 'હું પાત્ર છું' એવું અનુસંધાન કરી, અભિનય નાટ્યાર્થને પ્રેક્ષકો સુધી પહોંચાડવો તે સાત્વિક અભિનય. (શાહ, 213)

ભરતમુની નાટ્યશાસ્ત્રમાં કહે છે,

सत्त्वं नाम मनः प्रभवम् |
तच्च समाहितमनस्त्वादुच्यते |
मनसः समाधौ सत्त्वनिष्पत्तिर्भवति

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

(અધ્યાય-7, શ્લોક 94 પહેલાનો ગદ્ય )

મનની સમાહિતી અથવા તલ્લીનતાને સત્વ કહે છે. સત્વ, મનના આન્તરિક સંબંધથી ઉદ્ભવે છે. મનની સમાધિ-તલ્લીનતાથી સત્વની નિષ્પત્તિ થાય છે. (પૂરેચા, 431)

સત્વથી યુક્ત સાત્વિક અભિનયને ભરતમુનિએ સર્વશ્રેષ્ઠ માન્યો છે. રંગમંચ ઉપર પ્રવેશનાર કલાકાર જે તે પાત્રની ભજવણીની જરૂરિયાત અનુસાર જે ગતિ તથા કાર્યો નક્કી કરવામાં આવ્યા હોય તેને પાત્ર નિષ્ક્રમણ કરે ત્યાં સુધી સાત્વિક ભાવથી યુક્ત રાખવા જોઈએ.

## ઉપસંહાર:

ભારતીય શાસ્ત્રીય નૃત્યમાં મનો,વાક્, અને કાર્ય અર્થાત્ આંગિક, વાચિક અને સાત્વિક આ ત્રણેય અભિનયનું સંયોજન પ્રસ્તુતિના ભાવનાત્મક પ્રભાવને વધારે છે અને મંચ પર ઘનિષ્ઠ અને મનમોહક વાતાવરણ દ્વારા રસત્વનું સર્જન કરે છે. સાત્વિક અભિનય આંતરિક સ્વમાંથી નીકળતી સૂક્ષ્મ અભિવ્યક્તિઓ દ્વારા લાગણીઓ અને લાગણીઓના ચિત્રણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે તે પ્રસ્તુતિ, અડવું, મુદ્રા, સાહિત્ય, કૃતિ વગેરેને પોતાનું બનાવે છે.

નગીનદાસ પારેખ કહે છે, 'રસશાસ્ત્રમાં ભાવ એટલે ચિત્તવૃત્તિ, વિભાવ એટલે વિશેષ રૂપે જાણવું તે; જે જ્ઞાનનો હેતુ છે તે વિભાવ. તે ભાવની ઉત્પત્તિનું કારણ છે, અનુભવ કરાવે તે અનુભાવ. સ્થાયીભાવના પરિણામરૂપે અથવા કાર્યરૂપે થતી ચેષ્ટાઓ તે અનુભાવ. આ અનુભાવો અંતર્ગત મનોભાવને વ્યક્ત કરવાની ઇચ્છાથી કરાતા આંગિક તથા વાચિક અભિનયો છે જેને પરિણામે જે તે ભાવ પ્રેક્ષકગમ્ય બને છે. અભિનયો પ્રયોગ વડે ભિન્ન ભિન્ન અર્થોને પ્રકટ કરે છે તેમજ નાટ્યના ભાવોને છતા કરે છે.' (પારેખ, 81)

આથી કહી શકાય કે અભિનયની ગહન કલાત્મકતા ભાષાકીય અવરોધો અને સાંસ્કૃતિક તફાવતોને પાર કરે છે. તે પ્રદર્શનમાં ઊંડાણ અને અધિકૃતતા ઉમેરે છે, જે તેને સર્વગ્રાહી અનુભવ બનાવે છે. અભિનયની નિપુણતા એ નૃત્યાંગનાના સમર્પણ, શિસ્ત અને સર્જનાત્મકતાનો પુરાવો છે, જે ભરતનાટ્યમની એકંદર કલાત્મકતા પર આ મૂર્ત અને અમૂર્ત પાસાના સંતુલનની ઊંડી અસર દર્શાવે છે. હસમુખ બારાડી કહે છે, 'કોઈ પણ કલાકારે તાલીમ દ્વારા પોતાનાં આંતરબાહ્ય સાધનો વિકસાવવા પડે છે બાહ્ય સાધનોમાં સુશ્રાવ્ય, રણકારયુક્ત ભાવવાહી અવાજ તથા તનાવરહિત સહજ અંગસંચલનો અને સ્થિતિગતિનો સમાવેશ થાય છે, જ્યારે આંતરિક સાધનોમાં કલ્પનાશક્તિ, સર્જનાત્મક ઊર્મિલતા, તાલ અને લયની સૂઝ, એકાગ્રતા તેમજ સંવેદનશીલતા અને અંતઃસ્ફુરણાત્મક બુધ્ધિમત્તાનો સમાવેશ થાય છે.' (બારાડી, ગુજરાતી વિશ્વકોષ)

## સંદર્ભ સૂચિ:


1. પૂરેચાડો. સંધ્યા. *ભરતમુની વિરચિત નાટ્યશાસ્ત્ર, ખંડ પહેલો, અધ્યાય 1 થી 9*. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , 2018.
2. શાહડો. મહેશ ચંપકલાલ. *ભરતમુનિનો અભિનય સિધ્ધાંત*. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , 2021.
3. વાત્સ્યાયન કપિલા. *Classical Indian Dance in Literature and the Arts* . સંગીત નાટક અકેડેમી , 1968.
4. હિરયના. *Art Experience* . કાવ્યાલય, 1954.
5. શાહડો. મહેશ ચંપકલાલ. *ભરત નાટ્યશાસ્ત્ર : નાટ્યપ્રયોગ* . યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , 1995.
6. શુક્લ નથુરામ સુંદરજી. *ભરતમુનીનું નાટ્યશાસ્ત્ર (ગુજરાતી અનુવાદ )*. 1911.
7. Champaklal, Mahesh, and Theatre for Thetre. "TFT Rang Samvaad | Webinar | Chapter 30 | Sudesh Sharma | Dr. Mahesh Champaklal | Vadodara." *Www.youtube.com,* 6 Oct. 2021, www.youtube.com/watch?v=_mxWwbjr5r0. Accessed 30 Apr. 2024.
8. Gujarati Vishwakosh - ગુજરાતી વિશ્વકોશ. "અભિનય – Gujarati Vishwakosh – ગુજરાતી વિશ્વકોશ." *Gujarativishwakosh.org,* 2024, gujarativishwakosh.org/%e0%aa%85%e0%aa%ad%e0%aa%bf%e0%aa%a8%e0%aa%af/. Accessed 30 Apr. 2024.


http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

9. Gujarati Vishwakosh - ગુજરાતી વિશ્વકોશ, and ચોક્સીમહેશ. "કલા અને કલાતત્વ – Gujarati Vishwakosh – ગુજરાતી વિશ્વકોશ." *Gujarativishwakosh.org*, 2024, gujarativishwakosh.orghttps://gujarativishwakosh.org/%e0%aa%95%e0%aa%b2%e0%aa%be-%e0%aa%85%e0%aa%a8%e0%ab%87-%e0%aa%95%e0%aa%b2%e0%aa%be%e0%aa%a4%e0%aa%a4%e0%ab%8d%e0%aa%b5/Accessed 30 Apr. 2024.
10. પારેખનગીનદાસ. *અભિનવનો રસવિચાર અને બીજા લેખો.* મેમર્સ બી. એસ. શાહ કંપની, 1969.
11. દિક્ષિતસુરેન્દ્રનાથ. *ભરત અને ભારતીય કળા* . રાજકમલ પ્રકાશન પ્રા. લિ. , 1970.
12. કાળેમનોહર. *ભારતીય નાટ્યોદર્ય.* મેઘ પ્રકાશન, 1982.

http://vidyajournal.org